# Indian assistance to Mauritius to deal with the environmental crisis due to oil spill

August 16, 2020

# તેલ ઢોળાવાને કારણે ઉભી થયલી પર્યાવરણની કટોકટીનો નિવેડો લાવવા મોરેશિયસને ભારતની સહાયતા

ઓગસ્ટ 16, 2020

પોતાના દક્ષિણ-પૂર્વ સમુદ્રકિનારા પર તેલ ઢોળાવાનાં કારણે ઉભી થયેલી પર્યાવરણની કટોકટીનો નિવેડો લાવવામાં સહાયતા માટે મોરેશિયસ સરકારની વિનંતીનાં પ્રતિભાવમાં, આ દેશનાં ચાલું તેલ ફેલાવો નિયંત્રણમાં લેવાની અને બચાવ કામગીરીઓમાં સહાયતા કરવા ભારત સરકારે ભારતીય વાયુ સેનાનાં એરક્રાફ્ટમાં 30 ટનથી વધારે ટેકનિકલ સાધનો અને સામગ્રીઓ મોરેશિયસ રવાના કર્યા છે.

ઓશન બૂમ્સ, રિવર બૂમ્સ, ડિસ્ક સ્કિમર્સ, હેલિ સ્કિમર્સ, પાવર પેક્સ, બ્લોઅર્સ, સેલ્વેજ બાર્જ અને ઓઇલ એબ્સેર્બન્ટ ગ્રેફેન પેડ્સ અને અન્ય એસેસરીઓ સમાવતા વિશેષ સાધનો ખાસ રીતે તેલ ફેલાતા અટકાવવા, પાણીમાંથી તેલ ખેંચી કાઢવા ડીઝાઈન કરેલા છે અને સફાઇ તથા બચાવ કામગીરીઓમાં સહાય કરે છે.

તેલ ઢોળાવાનાં નિયંત્રણમાં લેવાનાં પગલાઓ પર કામગીરી કરવા માટે ખાસ રીતે તાલીમબદ્ધ કરાયેલા ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ (આઇસીજી) કર્મચારીઓ સમાવતી 10-સભ્યોની ટેકનિકલ રીસ્પોન્સ ટીમને પણ સ્થળ પર જરૂરી ટેકનિકલ અને કાર્યાત્મક સહાયતા કરવા મોરેશિયસમાં કામે લગાડવામાં આવી છે.

ભારતની સહાય વડાપ્રધાનનાં વિઝન સાગર (પ્રાંતમાં બધા માટે સુરક્ષા અને વૃદ્ધિ) માર્ગદર્શિત હિંદ મહાસાગર પ્રાંતમાં તેનાં પાડોશીઓને માનવતાવાદી સહાયતા અને આફતમાં રાહત પહોંચાડવાની ભારતની નીતિને અનુરૂપ છે. તાત્કાલિક સહાયતા ભારત અને મોરેશિયસ વચ્ચે નિકટનાં મૈત્રીબંધનને અને જરૂરીયાતમાં મોરેશિયસનાં લોકોને સહાય કરવાનાં ભારતની બંધનકર્તા કટિબદ્ધતા પ્રતિબિંબિત કરે છે.

ભારતની આ સહાયતા તાજેતરમાં મિશન 'સાગર' નાં ભાગરૂપે પૂરો પાડવામાં આવેલો મહત્વની દવાઓનો પૂરવઠો, આયુર્વેદિક દવાઓની ખાસ ફેરી તથા મોકલવામાં આવેલી તબીબી સહાયતા ટીમ સહિત, કોવિડ-19 મહામારી સામે લડવામાં મોરેશિયસને ભારત દ્વારા પ્રદાન કરવામાં આવેલી સહાયતાનું અનુસરણ કરે છે.

**નવી દિલ્હી**
**ઓગસ્ટ 16, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.